# યુરોપિયન ચેલેન્જના બીજા રાઉન્ડમાં ભારતીયો છવાયા

અમદાવાદ, તા.૨૮

કેન્સવિલ ગોલ્ફ એન્ડ એન્ટ્રી ક્લબ ખાતે રમાઈ રહેલી ગુજરાત કેન્સવિલ ચેલેન્જ (યુરોપિયન ચેલેન્જ ટૂર)માં બીજા રાઉન્ડના અંતે મેચો રસપ્રદ તબક્કામાં પહોંચી ગઈ છે. જેમ જેમ ફાઈનલ રાઉન્ડ



નજીક આવી રહ્યો છે તેમ રોમાંચનો માહોલ જોવા મળી રહ્યો છે. બીજા રાઉન્ડના અંતે કુલ ૧૪૮ પ્લેયરોમાંથી ૬૦ ખેલાડીઓએ કટ મેળવ્યો છે. જેમાં ભારતના ૧૫ ખેલાડીઓ પણ કટ બનાવવા સફળ રહ્યા છે. ભારતના સ્ટાર ખેલાડી શિવ કપૂર અને રાહિલ ગંગજી લયમાં જણાઈ રહ્યા છે. બીજા રાઉન્ડના અંતે શિવ કપૂરે ૪ અંડર ૬૮ અને ગગનજીએ ૩ અંડર ૬૯નો સ્કોર બનાવ્યો છે. બન્નેએ ૭ અંડર ૧૩૭નો સ્કોર બનાવ્યો છે. ભારતના સ્ટાર ખેલાડીઓ સામે હરીફ નજીક ચાલી રહ્યા છે. ઈંગ્લેન્ડનો ગેરી લુકેબી (૬૯), સેવ બેનસન (૬૮) અને સ્વિડનના જેન્ચ ડેન્થ્રોપ (૬૮) ની જોડી ૬ અંડર ૧૩૮ના સ્કોર સાથે ત્રીજા ક્રમાંકે છે. જ્યારે જર્મનીનો મેક્સ કિફર (૭૧), ઓસ્ટ્રેલિયાનો ડેનિયલ ગાઉન્ટ (૬૮) અને અમેરિકાના ડગ કેમર (૭૨)ની જોડી ૩ અંડર ૧૪૧ સાથે છઠ્ઠા ક્રમાંકે ચાલી રહી છે.